RNI No.: GUJGUJ/2014/59295

E mail - prdpraval@yahoo.co.uk

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 11 * Issue No. 320 * Date: 10.09.2025,Wednesday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

# PMએ હિમાચલને ૧૫૦૦ કરોડ આપવાની જાહેરાત કરી:પૂરગ્રસ્ત વિસ્તારોનું હવાઈ સર્વેક્ષણ કર્યું





પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે (૯ સપ્ટેમ્બર) પંજાબ અને હિમાચલ પ્રદેશના પૂરગ્રસ્ત વિસ્તારોના પ્રવાસે છે. તેમણે કુલ્લુ, મંડી અને ચંબામાં હેલિકોપ્ટર દ્વારા થયેલા નુકસાનનો હવાઈ સર્વે કર્યો. આ પછી, ધર્મશાલામાં આ આપત્તિ અંગે એક બેઠક યોજાઈ હતી, જેમાં અધિકારીઓએ પ્રેઝન્ટેશન દ્વારા તેમને નુકસાન વિશે માહિતી આપી હતી.

આ દરમિયાન, તેમણે ૧૫૦૦ કરોડ રૂપિયાની નાણાકીય સહાયની જાહેરાત કરી. પીએમએ કહ્યું કે કેન્દ્ર સરકાર શક્ય તેટલી બધી મદદ કરશે. મૃતકોના પરિવારોને ૨ લાખ રૂપિયાની નાણાકીય સહાય અને ઘાયલોને ૫૦,૦૦૦ રૂપિયા આપવામાં આવશે.મુખ્યમંત્રી સુખવિંદર સિંહ સુખુ પણ બેઠકમાં હાજર હતા. આ પછી પ્રધાનમંત્રી મંડી, કુલ્લુ અને ચંબા જિલ્લાના ૧૮ અસરગ્રસ્ત લોકોને મળ્યા અને તેમની આપવીતી સાંભળી. તેઓ એક વર્ષની નીતિકાને પણ મળ્યા, જેના માતા-પિતા અને દાદી ૩૦ જૂને મંડીમાં વાદળ ફાટવાથી આવેલા પૂરમાં મૃત્યુ પામ્યા હતા. પ્રધાનમંત્રીએ પહેલા નીતિકાને ચોકલેટ આપી અને પછી તેને પોતાના ખોળામાં લીધી.પંજાબની આપ સરકારે કેન્દ્ર પાસેથી ૮૦ હજાર કરોડ રૂપિયાની માગણી કરી છે. હિમાચલના મુખ્યમંત્રી સુખવિંદર સિંહ સુખુએ પણ કહ્યું હતું કે ખાસ રાહત પેકેજ આપવું જોઈએ.આ પહેલા, ૫ સપ્ટેમ્બરના રોજ કેન્દ્રીય કૃષિ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે અમૃતસર, ગુરદાસપુર અને કપૂરથલામાં પૂરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લીધી હતી અને પીડિતોને મળ્યા હતા.

## રાજુલાના સફાઈ કામદારોનું ઉગ્ર આંદોલન, કાયમી નોકરી આપવા માગ



અમરેલી જિલ્લાના રાજુલા નગરપાલિકા કચેરી ખાતે છેલ્લા આઠ દિવસથી સફાઈ કામદારો પોતાની વિવિધ માગણીઓને લઈને ધરણા પર બેઠા છે. નગરપાલિકામાં સફાઈ કામદારોને ૧૫-૧૫ દિવસની શિફ્ટ પર રાખવામાં આવે છે, જેને બંધ કરી લાંબા સમયથી કામ કરતા કર્મચારીને કાયમી નોકરી આપવામાં આવે તેવી માગ છે.રાજુલાના સફાઈ કામદારો પોતાની માગને લઈને અનેક વખત સત્તાધીશોને રજૂઆત કરી ચૂક્યા છે, પરંતુ કોઈ ઉકેલ ન આવતા અંતે આંદોલનનો માર્ગ અપનાવ્યો છે. સફાઈ કામદારો છેલ્લા આઠ દિવસથી ધરણા પર બેઠા છે. પાલિકા દ્વારા સફાઈ કામદારોની માગ સંતોષવામાં ન આવતા અંતે ઉગ્ર આંદોલનનો માર્ગ અપનાવ્યો છે.સોમવારે (આઠમી સપ્ટેમ્બર) રાજુલાના જકાત નાકા નજીક ૧૦૦થી વધુ સફાઈ કામદારોએ એકત્રિત થઈ રાજુલા–અમરેલી રોડ ચક્કાજામ કર્યો હતો. જેના કારણે માર્ગ પર લાંબા સમય સુધી વાહનવ્યવહાર ખોરવાયો હતી. ઘટનાની જાણ થતાં રાજુલા પોલીસે તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચીને પરિસ્થિતિ કાબુમાં લેવા કામદારો સાથે વાતચીત કરી સમગ્ર મામલો થાળે પાડવા માટેના પ્રયાસ હાથ ધરવામાં આવી રહ્યા છે. રોડ પરથી સફાઈ કામદારોને હટાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો રહ્યો હતો, પરંતુ જો કામદારોની માગણીઓ સંતોષાય નહી તો આંદોલન વધુ તીવ્ર બનવાની શક્યતા છે.ઉલ્લેખનીય છે કે, રાજુલા નગરપાલિકાના સફાઈ કામદારોનો આ વિરોધ શહેરમાં ચર્ચાનો વિષય બન્યો છે, હવે જોવાનું એ રહ્યું પાલિકા દ્વારા સફાઈ કામદારોની માગણીઓ સંતોષી લેશે કે પછી આંદોલન ઉગ્ર બને એ જોવાનું રહ્યું છે.

## હું ધારુ તો બેઈજ્જતી કરી શકું પણ...,છૂટાછેડા બાદ પણ ચહલનું સન્માન કરતી હોવાનો ધનશ્રીનો દાવો





ભારતીય ક્રિકેટર યુઝવેન્દ્ર ચહલ સાથે છૂટાછેડા લીધા બાદ કોરિયોગ્રાફર અને ડાન્સર ધનશ્રી વર્મા સતત ચર્ચાઓમાં છે. ચહલ સાથે છૂટાછેડા બાદ તેના પર અનેક આક્ષેપો થઈ રહ્યા છે. સોશિયલ મીડિયા પર તેને 'ગોલ્ડ ડિગર' કહી ટ્રોલ કરવામાં આવી હતી. ધનશ્રી આ તમામ આક્ષેપો અને વિવાદો વચ્ચે રિયાલ્ટી શો રાઈઝ એન્ડ ફૉલમાં જોવા મળી છે. શો દરમિયાન તેણે પોતાના લગ્ન જીવન અને છૂટાછેડા વિશે ખુલ્લેઆમ વાત કરી છે. તેણે કહ્યું કે, જો હું ઈચ્છું તો ચહલને બેઈજ્જત કરી શકતી હતી, પરંતુ મેં હંમેશા તેનુ સન્માન કર્યું છે. ધનશ્રીએ શોના એક ટાસ્ક દરમિયાન ચહલ અને ટ્રોલર્સ પર નિશાન સાધતા જવાબ આપ્યો હતો કે, જ્યારે તમે લગ્ન કર્યા હોય તો તમારા પાર્ટનરનું સ્વમાન જાળવવાની જવાબદારી તમારી હોય છે. જો હું ઈચ્છું તો તેને બેઈજ્જત કરી શકતી હતી. એવુ ન સમજો કે, મારી પાસે કહેવા માટે કંઈ જ નથી. પરંતુ તે મારા પતિ હતા. અને મેં લગ્નજીવન દરમિયાન તેનુ સન્માન કર્યું છે, અને આજે પણ કરુ છું. આટલું જ નહીં, ધનશ્રી વધુ પ્રોમોમાં ટ્રોલર્સને અલગ અંદાજમાં જવાબ આપતી જોવા મળી હતી. તે સમયે તેના સાથી અર્જુન બિજલાણીએ મજાકમાં ધનશ્રીને કહ્યું કે, 'ગોલ્ડ કરતાં મારા પર સિલ્વર અને ડાયમંડ વધારે શોભે છે.' જેનો જવાબ આપતાં ધનશ્રીએ કહ્યું કે, 'આ લાઈનમાં હું કઈ નહી બોલુ, નહી તો મને મળનારો સાચો પ્રેમ પણ નહીં મળે.' ધનશ્રી અને ક્રિકેટર ચહલે ૨૦૨૦માં લગ્ન કર્યા હતા. તે સમયે બંને ખૂબ વચ્ચે ખૂબ પ્રેમ જોવા મળ્યો હતો. બંને મસ્તી-મજાક કરતી રીલ્સ સોશિયલ મીડિયા પર પોસ્ટ કરતા હતા. લગ્નના પાંચ વર્ષ બાદ ફેબ્રુઆરી, ૨૦૨૫માં બંનેએ છૂટાછેડા લીધા હતા.

## ધરોઇ ડેમમાંથી ફરી સાબરમતીમાં પાણી છોડાયું, અમદાવાદ-ખેડાના ગામોમાં એલર્ટ

ધરોઈ ડેમમાં ઉપરવાસમાં ભારે વરસાદના લીધે પાણીની આવક વધતાં મંગળવારે (નવમી સપ્ટેમ્બર) ડેમના બે ગેટ ખોલીને પાણી છોડવામાં આવ્યું છે. ધરોઈ ડેમમાં ૧૩૭૧૪ ક્યુસેક પાણીની આવક નોંધાઈ છે. જ્યારે ૧૩૭૧૪ ક્યુસેક પાણી સાબરમતી નદીમાં છોડવામાં આવ્યુ છે. જેના કારણે સાબરમતી નદીમાં પાણીની આવક વધતાં અમદાવાદ અને ખેડા જિલ્લાના ગામોને ઍલર્ટ કરયા છે.

મળતી માહિતી અનુસાર, ઉપરવાસમાંથી પાણીની આવક ચાલુ રહેતા ધરોઈ ડેમની કૂલ સપાટી ૬૨૨ ફૂટે પહોંચવાની તૈયારીમાં છે. ડેમમાં પાણીનો જથ્થો ૯૧.૩૪ ટકા થયો છે. હાલ ડેમના ૨ ગેટ ૫ ફુટ ખોલીને સાબરમતી નદીમાં પાણી છોડવામાં આવ્યુ છે. નદીમાં પાણી છોડવામાં આવતા સાબરમતી નદી કાંઠાના ગામોને ઍલર્ટ કરાયા છે. લોકોને નદીની આસપાસ નહી ફરવા માટે સૂચના આપવામાં આવી છે. અમદાવાદમાં સાબરમતી નદીનો વોક વે પણ પાણીમાં ગરકાવ થયો છે.

## વિખ્યાત બોડીબિલ્ડરની હત્યા; ઝઘડો થયા બાદ ગર્લફ્રેન્ડે જ ચાકુથી કર્યા હતા પ્રહાર



બ્રાઝિલના બોડીબિલ્ડિંગ ચેમ્પિયન વાલ્ટર ડી વર્ગાસ એટાનું નિધન થઈ ગયું છે. રવિવાર, ૭ સપ્ટેમ્બરના ના રોજ તેમની ક્રૂરતાથી હત્યા કરી દેવામાં આવી હતી. ૪૧ વર્ષીય વર્ગાસ એટાની હત્યા તેની ગર્લફ્રેન્ડે કરી નાખી છે. અહેવાલો પ્રમાણે સાંતા કેટરીનાના ચાપેકોમાં તેમના ઘરની અંદર થયેલા એક ઝઘડા દરમિયાન તેની હત્યા કરી દેવામાં આવી હતી. સિવિલ પોલીસે જણાવ્યું કે, એટા અને તેની ગર્લફ્રેન્ડ વચ્ચેની લડાઈ તેમના ઘરની અંદર શરૂ થઈ હતી. પડોસીઓએ જણાવ્યું કે ઘટના પહેલા તેઓએ અવાજ સાંભળ્યો હતો. લડાઈ દરમિયાન એટા પર તીક્ષ્ણ હથિયારથી હુમલો કરવામાં આવ્યો હતો.

અધિકારીઓએ જણાવ્યું કે, એટાની ૪૩ વર્ષીય ગર્લફ્રેન્ડે એક ઉગ્ર દલીલ દરમિયાન તેના પર ચપ્પુથી હુમલો કર્યો હતો. તેના ચહેરા, ગરદન, પીઠ અને પેટ પર અનેક વાર ચપ્પુથી વાર કર્યા હતા. પોતાનો જીવ બચાવવાના પ્રયાસમાં એટા ઘરની સીડી પરથી નીચે પડી ગયો, જ્યાં પોલીસને તેનો મૃતદેહ મળ્યો. તેના શરીર પર ખાસ કરીને ગરદન અને છાતી પર, ઊંડા ઘા હતા. ખૂબ લોહી વહી જવાના કારણે તે સીડી પર જ પડી ગયો અને તેનું મોત થઈ ગયું. બાદમાં પોલીસે ઘરની અંદરના ભાગની લોહીથી લથપથ તસવીરો જાહેર કરી.

પોલીસે પુષ્ટિ કરી કે, એટાની ગર્લફ્રેન્ડ પણ ગંભીર રીતે ઘાયલ થઈ છે. તેને ગંભીર હાલતમાં નજીકની હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવી છે, જ્યાં તેની તાત્કાલિક સર્જરી કરવામાં આવી છે.

## એઇમ્સમાં પ્રથમ વખત ભ્રૂણ દાન થયું મેડિકલ ક્ષેત્રમાં સંશોધનમાં મદદ મળશે

નવી દિલ્હી: દિલ્હી એઈમ્સને મોટી સફળતા મળી છે. એઈમ્સને પ્રથમ વખત ભ્રૂણ દાન મળ્યું છે. ૩૨ વર્ષીય વંદના જૈનને પાંચમાં મહિનામાં જ ગર્ભપાત થઈ ગયો હતો. જેને પગલે બાદમાં વંદના અને પરિવારના અન્ય લોકોએ ભ્રૂણનું દાન કરવાનો નિર્ણય લીધો હતો. અને આ ભ્રૂણને મેડિકલ ક્ષેત્રમાં વધુ પરીક્ષણ કે સંશોધન માટે દિલ્હીની એઈમ્સને દાન કરી દેવામાં આવ્યું હતું.

ભ્રૂણને દાન કરવાનો નિર્ણય લઈ લીધા બાદ દિલ્હીમાં દેહદાન માટે કામ કરતી એક સમિતિનો વંદના અને તેના પરિવાર દ્વારા સંપર્ક કરવામાં આવ્યો. બાદમાં આ સમિતિએ તુરંત જ દિલ્હી એઈમ્સના અધિકારીઓ અને ડોક્ટરોનો સંપર્ક કર્યો. એઈમ્સના એનાટોમી વિભાગના ડો. એસ. બી. રાય અને તેમની ટીમ સાથે વાતચીત થઈ. ટીમના સહયોગથી બાદમાં તમામ દસ્તાવેજી પ્રક્રિયા પૂર્ણ કરી લેવામાં આવી. પરિવારે દાન આપવા માટે સવારે આઠ વાગ્યે સંપર્ક કર્યો હતો. જ્યારે તેની પ્રક્રિયા પૂર્ણ કરવામાં આખો દિવસ લાગી ગયો હતો અને સાંજે સાત વાગ્યે એઈમ્સે પોતાનું પ્રથમ ભ્રૂણ દાન સ્વીકાર કર્યું હતું. ભ્રૂણ દાન આવનારા સમયમાં નવા સંશોધન અને મેડિકલ ક્ષેત્રે શિક્ષણ માટે એક મોટો આધાર માનવામાં આવે છે.

**તંત્રી લેખ...**

# ભારત ક્રુડની માંગમાં ચીન કરતાં આગળ નિકળી જશે

નવી દિલ્હી : આ વર્ષે, ભારતમાં ક્રૂડ તેલની માંગ ચીન કરતા વધુ ઝડપથી વધી શકે છે. ટ્રાફિગુરા ગ્રુપના અર્થશાસ્ત્રીએ જણાવ્યું હતું કે, અમે ભારતની તેલની માંગ અંગે આશાવાદી છીએ. આ વર્ષે, જો વ્યૂહાત્મક સંગ્રહને બાકાત રાખવામાં આવે તો, ભારતની માંગ ચીન કરતા વધી જશે.

નિષ્ણાતોના મતે, ભારતમાં ક્રૂડના વપરાશમાં વધારો થવાનું મુખ્ય કારણ શહેરોમાં વધતી વસ્તી, વધતી આવક અને જીવનધોરણમાં સુધારો છે. વધતા શહેરીકરણ અને દેશમાં લોકોની આવકમાં વધારો થવાને કારણે, ખાનગી અને વાણિજ્યિક વાહનોની સંખ્યા સતત વધી રહી છે, જેના કારણે ક્રૂડનો વપરાશ વધી રહ્યો છે.

તે જ સમયે, ચીનમાં ક્રૂડ ઓઈલનો વપરાશ હવે પ્રમાણમાં ધીમો પડી ગયો છે. ચીનના તેલ વપરાશમાં ફક્ત પેટ્રોકેમિકલ ક્ષેત્ર જ વૃદ્ધિ દર્શાવી રહ્યું છે. આ ઉપરાંત, આ વર્ષે ચીનમાં કુલ વપરાશમાં વધારો મુખ્યત્વે તેલ સંગ્રહ (સ્ટોકપાઈલિંગ) ને કારણે છે. નિષ્ણાતોના મતે, છેલ્લા કેટલાક મહિનામાં ચીને દરરોજ લગભગ ૨ લાખ બેરલ તેલનો સ્ટોક કર્યા છે. આ સ્ટોકિંગથી વૈશ્વિક તેલના ભાવમાં સ્થિરતા આવી છે, જ્યારે ઓપેકએ ઝડપથી બંધ ક્ષમતા ફરી શરૂ કરી છે.

આજે ચીન તેના વ્યૂહાત્મક પેટ્રોલિયમ રિઝર્વમાં વધારો કરી રહ્યું છે અને તેલનો સંગ્રહ કરી રહ્યું છે. પરંતુ લાંબા ગાળે, ચીન આટલો સ્ટોકિંગ ચાલુ રાખી શકશે નહી અને આવનારા સમયમાં બજારમાં વધારાના તેલને સંપૂર્ણપણે સમાયોજિત કરવું પડકારજનક રહેશે.

આવતા વર્ષે વિશ્વમાં ક્રૂડની માંગ વધવાનું કોઈ મજબૂત કારણ નથી. આવતા વર્ષે ક્રૂડની માંગ દરરોજ લગભગ ૧ મિલિયન બેરલ વધી શકે છે, પરંતુ જો આ માંગમાં વધુ વધારો નહી થાય તો બજારમાં વધારાનું ક્રૂડ વેચવું મુશ્કેલ બનશે.નિષ્ણાતો માને છે કે આ વર્ષે વૈશ્વિક ક્ડ તેલ બજારની દિશા મોટાભાગે ભારતમાં વધતી માંગ અને ચીનમાં ધીમી વપરાશ વચ્ચે નક્કી થશે. રોકાણકારો અને ક્ડ તેલ ઉત્પાદકો આ પરિવર્તન પર નજીકથી નજર રાખી રહ્યા છે.

# ઓગસ્ટમાં તહેવારોની મોસમ છતાં ઓટો રિટેલ વેચાણમાં મંદ વૃદ્ધિ



મુંબઈ : ઓનમ તથા ગણેશ ચતુર્થી જેવા તહેવારો છતાં સમાપ્ત થયેલા ઓગસ્ટમાં દેશમાં ઓટો રિટેલ વેચાણમાં વાર્ષિક ધોરણે ૨.૮૪ ટકા મંદ વૃદ્ધિ જોવા મળી હતી. ગુડસ એન્ડ સર્વિસીસ ટેકસ (જીએસટી)માં ઘટાડાને ધ્યાનમાં રાખી ઓગસ્ટમાં ગ્રાહકોએ વાહનોની ખરીદી મોકૂફ રાખી હતી. જીએસટીમાં ઘટાડો સપ્ટેમ્બરમાં જાહેર કરાયો છે અને તેનો અમલ ૨૨ સપ્ટેમ્બરના નવરાત્રીથી થવાનો છે, ત્યારે દશેરા-દિવાળીના તહેવારોમાં વાહનોનું વેચાણ વધવા અપેક્ષા રાખવામાં આવી રહી છે.

જો કે ગયા મહિને ડીલરો ખાતે ગ્રાહકોની પૂછપરછ મજબૂત રહી હતી, પરંતુ તે ખરીદીમાં પરિણમી નહોતી એમ ફેડરેશન ઓફ ઓટોમોબાઈલ ડીલર્સ એસોસિએશન (ફાડા)ના સુત્રોએ જણાવ્યું હતું. ઓગસ્ટમાં ૩૦૧.૪ ટકા સાથે ટ્રેકટર્સના વેચાણમાં જોરદાર વધાયો થયો છે તે સિવાયના ઓટો સેગમેન્ટમાં વેચાણ વૃદ્ધિ એક અંકી રહી છે. ટુ વ્હીલર્સનું વેચાણ ૨.૧૮ ટકા જયારે ઊતારૂ વાહનોનું વેચાણ વાર્ષિક ધોરણે ૦.૯૩ ટકા ઊંચુ રહ્યું છે. કમર્સિઅલ વાહનોનું વેચાણ ૮.૫૫ ટકા વધ્યું હતું. ગયા વર્ષના ઓગસ્ટમાં ૧૯.૧૦ લાખની સામે વર્તમાન વર્ષના સમાન મહિનામાં એકંદર ઓટો વેચાણ આંક ૧૯.૬૦ લાખ રહ્યો છે. ઓનમ તથા ગણેશ ચતુર્થીના તહેવારોને કારણે કેરળ તથા મહારાષ્ટ્રમાં વિવિધ ઓટો સેગમેન્ટના વેચાણમાં નોંધપાત્ર વૃદ્ધિ જોવા મળી હતી. ગયા મહિને દેશના મોટાભાગના શહેરોમાં ભારે વરસાદ તથા પૂરની સ્થિતિએ પણ ગ્રામ્ય વિસ્તારમાં લોકોની આવનજાવન પર અસર કરી હતી. આને કારણે પણ વેચાણ મંદ જોવા મળ્યું છે. આમછતાં આગામી દશેરા - દિવાળીના તહેવારોમાં વેચાણ વૃદ્ધિ મજબૂત રહેવા ડીલરોને અપેક્ષા છે.

# ૮૧૦૦૦ની સપાટી ક્રોસ કર્યા બાદ સેન્સેકસમાં ફરીથી થયેલી પીછેહઠ

મુંબઈ : અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદીની પ્રશંસા અને મોદી દ્વારા ટ્રમ્પના આભાર બાદ બન્ને દેશો વચ્ચે વેપાર તાણ ઘટવાના ગયા સપ્તાહના સંકેત તથા ગુડસ એન્ડ સર્વિસીઝ ટેકસ (જીએસટી) મુદ્દે હવે ચિત્ર લગભગ સ્પષ્ટ થઈ જતા દેશમાં રોકાણકારોનું સેન્ટિમેન્ટ પણ સપ્તાહના પ્રથમ દિવસે પોઝિટિવ રહ્યું હતું. ફેડરલ રિઝર્વની આવતા સપ્તાહે મળનારી બેઠકમાં વ્યાજ દરમાં કપાત આવવાની ધારણાંએ પણ બજારને ટેકો આપ્યો હતો. લાર્જ કેપ શેરોની સરખામણીએ મિડકેપ શેરોમાં વધુ આકર્ષણ જોવા મળ્યું હતું. જો કે બેન્ચમાર્ક ઈન્ડાઈસિસમાં પ્રારંભિક ઉછાળો ટકી શકયો નહતો અને સેન્સેકસ તથા નિફટી૫૦ બન્ને ઈન્ડેકસ સાધારણ સુધારા સાથે બંધ રહ્યા હતા. છેલ્લા એક કલાકમાં આવેલા પ્રોફિટ બુકિંગને પરિણામે પ્રારંભિક સુધારો ધોવાઈ ગયો હતો. બીએસઈ સેન્સેકસ ઉપરમાં ૮૧૧૭૧.૩૮ પોઈન્ટ અને નીચામાં ૮૦૭૩૩.૦૭ થઈ છેવટે ૭૬.૫૪ પોઈન્ટના સુધારા સાથે ૮૦૭૮૭.૩૦ પોઈન્ટ બંધ રહ્યો હતો. પ્રોફિટ બુકિંગને પગલે સેન્સેકસ૮૧૦૦૦ની ઉપર ટકવામાં સફળ રહ્યો નહતો. નિફટી૫૦ ઈન્ડેકસ નીચામાં ૨૪૭૫૧.૫૫ અને ઉપરમાં ૨૪૮૮૫.૫૦ થઈ અંતે ૩૨.૧૫ સુધરી ૨૪૭૭૩.૧૫ બંધ રહેવા પામ્યો હતો. નિફટી મિડકેપ ઈન્ડેકસ ૨૮૫ પોઈન્ટ વધી ૫૭૩૬૧ રહ્યો હતો. બીએસઈ પર માર્કેટ બ્રેડથ ૨૧૯૯ શેરોના ભાવ વધીને બંધ રહ્યા હતા જયારે ૨૦૪૮ શેરના ભાવ ઘટયા હતા. ૧૭૦ શેરોના ભાવ સ્થિર જોવા મળ્યા હતા. માર્કેટ બ્રેડથ પોઝિટિવ રહી હતી. ૨૨ સપ્ટેમ્બરથી જીએસટીના દરમાં ઘટાડાને કારણે આગામી દશેરા - દિવાળીના તહેવારોમાં ઓટો વેચાણ વધવાની આશા અને ઓગસ્ટના ઓટો વેચાણ આંક પ્રમાણમાં સંતોષકારક રહેતા ઓટો શેરોમાં આકર્ષણ જળવાયું હતું. ભાવમાં છ ટકા સુધીનો ઉછાળો જોવાયો હતો. ભારત ફોર્જ રૂપિયા ૬૬.૧૦ વધી રૂપિયા ૧૨૦૨.૮૦, અશોક લેલેન્ડ રૂપિયા ૬.૫૨ વધી રૂપિયા ૧૩૭.૨૯, મધરસન રૂપિયા ૩.૯૭ વધી રૂપિયા ૯૮.૫૭, ટાટા મોટર્સ રૂપિયા ૨૭.૮૦ વધી રૂપિયા ૭૧૯.૫૦ બંધ રહ્યા હતા. આ ઉપરાંત બજાજ ઓટો, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, એકસાઈડ ઈન્ડ.માં પણ લેવાલી રહી હતી. ઘરઆંગણે સ્ટીલના ભાવ વધવાની અપેક્ષા, ટેકારૂપ વૈશ્વિક પરિબળો તથા જીએસટી દરમાં તાજેતરના ઘટાડાથી ઓટો ક્ષેત્ર તરફથી માગ વધવાની અપેક્ષાએ સ્ટીલ શેરો ચાર ટકા જેટલા વધ્યા હતા.

# પરિવારથી કંટાળેલી દિવ્યાંગ મહિલાએ અભયમની મદદ માગી

શહેરના ચાંદખેડા વિસ્તારમાં પરિવારના ત્રાસથી કંટાળીને એક દિવ્યાંગ મહિલાએ મદદ માટે ૧૮૧ મહિલા હેલ્પલાઈનનો સંપર્ક કર્યો હતો. હેલ્પલાઈન ટીમે તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી મહિલાનું કાઉન્સિલિંગ કર્યું હતું. આ દરમિયાન ચોંકાવનારી વિગતો સામે આવી હતી.મહિલાએ જણાવ્યું હતું કે, તે પોતાની નાની બહેનના પતિ સાથેના આડાસંબંધોને કારણે ઘરેથી ભાગી ગઈ હતી. આ વાતની જાણ થતાં તેના પરિવારજનો અને ખાસ કરીને બહેને ભારે વિરોધ કર્યો હતો. મહિલાના બહેનના પતિ પણ તેને પોતાની સાથે રાખવા માંગતા હતા, પરંતુ તેમની કાયદેસરની પત્ની એટલે કે પીડિતાની બહેને છૂટાછેડા આપવાની ના પાડી હતી.આ સમગ્ર ઘટનામાં મહિલાનો સગો ભાઈ પણ તેને શારીરિક સંબંધો માટે હેરાન કરતો હતો, જેના કારણે પીડિતાએ પરિવાર સાથે પાછા જવાનો સ્પષ્ટ ઈનકાર કર્યો હતો. આખરે, અભયમ ટીમે પરિસ્થિતિની ગંભીરતા સમજીને મહિલાને સોલા સિવિલના સખી વન સ્ટોપ સેન્ટરમાં આશ્રય અપાવ્યો હતો. આશ્રય મળતા પીડિતાએ અભયમ ટીમનો આભાર વ્યક્ત કર્યો હતો.

# ૧૧ સપ્ટેમ્બરથી એકતાના સંદેશ સાથે સરદાર સન્માન યાત્રા: બારડોલીથી શરૂઆત અને ૨૨મીએ સોમનાથમાં સમાપન

અખંડ ભારતના શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતિ નિમિતે અને સરદાર પટેલના વિચારોને જન-જન સુધી પહોંચાડવાના ઉદ્દેશ્યથી ગુજરાતમાં ઐતિહાસિક ૧૮૦૦ કિમીની "સરદાર સન્માન યાત્રા"નું આયોજન કરવામાં આવ્યું છે. આગામી તારીખ ૧૧ સપ્ટેમ્બર, ૨૦૨૫ને ગુરુવારથી બારડોલીથી શરુ થતી યાત્રા સમગ્ર ગુજરાતમાં પરિભ્રમણ કરશે. આ યાત્રા વિવિધ શહેરોમાં પહોંચશે જયાં પાટીદારો દ્વારા યાત્રાનો સ્વાગત કરવામાં આવશે.




અખંડ ભારતના શિલ્પી, લોખંડી પુરુષ અને? રાષ્ટ્રીય? એકતાના? અવિસ્મરણીય યોદ્ધા સરદાર વલ્લભભાઈ પટેલ?ની ૧૫૦મી? જન્મજયંતિ? પૂર્વે ?"સરદાર સન્માન? યાત્રા"નું ભવ્ય? આયોજન કરવામાં? આવી? રહ્યું? છે.? આ યાત્રા? ૧૧ સપ્ટેમ્બરથી? ૨૨ સપ્ટેમ્બર,? બારડોલી?થી? પવિત્ર સોમનાથ ધામ? સુધી, ૧૨? દિવસની રહેશે. જે? કુલ? ૧૮૦૦ કિ.મી.નું અંતર કાપી? ૩૫૫ ગામોમાં? જવાની છે.સરદાર સાહેબના સિદ્ધાંતો,? દેશભક્તિ અને રાષ્ટ્રની? એકતા? માટેના યોગદાનથી પ્રેરણાલઈ, એકતાની? તરફની આ યાત્રા છે. જેમાં દરેક ધર્મ, જ્ઞાતી, વર્ગ, ભાષા અને વિચારધારાને એક સુત્રમાં બાંધવાનુ અમુલ્ય કાર્ય થવાનું છે.

# જયશંકરે કહ્યું- ટ્રેડ પોલિસી નિષ્પક્ષ અને બધા માટેફાયદાકારક હોવી જોઈએ

સોમવારે વિદેશ મંત્રી એસ જયશંકરે બ્રિક્સ સમિટના ઈમરજન્સી વર્ચ્યુઅલ સમિટમાં હાજરી આપી હતી. આ દરમિયાન જયશંકરે કહ્યું કે વેપાર નીતિ ન્યાયી, પારદર્શક અને બધા માટે ફાયદાકારક હોવી જોઈએ.અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પનું નામ લીધા વિના, જયશંકરે કહ્યું કે સમસ્યાઓ ઊભી કરવાથી અને વ્યવહારોને મુશ્કેલ બનાવવાથી કોઈ ફાયદો થશે



નહીં. વેપાર હંમેશા સરળ હોવો જોઈએ.ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ, રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન, બ્રાઝિલના રાષ્ટ્રપતિ લુલા દા સિલ્વા પણ વર્ચ્યુઅલ સમિટમાં હાજરી આપી હતી. અગાઉ, પીએમ મોદી આ બેઠકમાં હાજરી આપશે તેવા સમાચાર આવ્યા હતા.આ સમિટનો હેતુ અમેરિકાની ટેરિફ નીતિઓથી ઉદ્ભવતા વેપાર પડકારોની ચર્ચા કરવાનો હતો. અમેરિકાએ ભારત અને બ્રાઝિલ જેવા દેશો પર ૫૦% સુધીના ટેરિફ લાદ્યા છે. બ્રિક્સ એ ૧૧ મુખ્ય ઉભરતી અર્થવ્યવસ્થાઓનું જૂથ છે.

# અનિરુદ્ધસિંહ બાદ રાજદીપસિંહ જાડેજાને હાઈકોર્ટમાંથી ઝટકો:અમિત ખૂંટ આત્મહત્યા કેસમાં આગોતરા જામીન અરજી ફગાવાઈ

રીબડાના અમિત ખૂંટ આત્મહત્યાકેસમાં ફરાર આરોપી રાજદીપસિંહ જાડેજાના ગુજરાત હાઈકોર્ટ દ્વારા આગોતરા જામીન ફગાવી દેવામાં આવ્યા છે. ૩ મેના રોજ રાજકોટમાં મોડલિંગક્ષેત્રે કાર્યરત સગીરાએ અમિત ખૂંટ સામે દુષ્કર્મની ફરિયાદ નોંધાવી હતી. ત્યાર બાદ ૫ મેના રોજ અમિત ખૂંટે ગોંડલના રીબડામાં ગળાફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ કેસમાં રાજદિપસિંહ જાડેજા અને તેના પિતા અનિરુદ્ધસિંહ તથા અન્ય બે આરોપીઓ સામે અમિત ખૂંટના ભાઈ મનીષ ખૂંટે પોલીસ ફરિયાદ નોંધાવી હતી. પોલીસ ફરિયાદ નોંધાયા બાદ રાજદીપસિંહ ભાગેડુ આરોપી છે. ગોંડલ સેશન્સ કોર્ટે તેની આગોતરા જામીન અરજી



ફગાવી દીધા બાદ તેણે ગુજરાત હાઈકોર્ટમાં આગોતરા જામીન અરજી કરી હતી.

કેટલાક આરોપીઓ સામે ગોંડલ સેશન્સ કોર્ટમાં ચાર્જશીટ ફાઈલ થઈ ગઈ છે. અરજદાર રાજદીપસિંહ પકડાયો નથી. એક આરોપી સગીરા છે. ઉપરાંત અન્ય આરોપી રહીમ મકરાણી અને અતા ઉલા ભાગેડું છે. ફરિયાદ મૂળ ૦૪ આરોપી સામે કરવામાં આવી હતી. જેમાં અનિરુદ્ધસિંહ, રાજદીપસિંહ અને બે યુવતીઓનો સમાવેશ થાય છે. ૦૫ આરોપીઓ સામે ચાર્જશીટ દાખલ કરવામાં આવી છે, જેમાં એક સગીર આરોપી છે.ચાર્જશીટ મુજબ અનિરુદ્ધ સિંહ અને રાજદીપસિંહ આરોપી છે. ગત વિધાનસભાની ચૂંટણીમાં અમિત ખૂંટે આરોપીઓ સામે પોલીસ ફરિયાદ કરી હતી. વળી અમિત ખૂંટે પોપટ સોરઠીયા હત્યા કેસમાં અનિરુદ્ધસિંહને કરાયેલ સજા માફ કરવાના સરકારના નિર્ણય વિરુદ્ધ ગૃહ ખાતામાં અરજી કરી હતી. રાજદીપસિંહે રહીમ મકરાણી મારફતે સગીરાનો ઉપયોગ કરી અમિત ખૂંટને ફસાવવા કાવતરું કર્યું હતું. રહીમ મકરાણી સગીરાના સોશિયલ મીડિયાના ‍ૈઢ, પાસવર્ડ મેળવી અમિત ખૂંટ સાથે વાતચીત કરીને તેને ફસાવ્યો હતો. આરોપી રહીમ મકરાણી અને વકીલો દિનેશ પાતર તેમજ સંજય પંડિતે મૃતક વિરુદ્ધ દુષ્કર્મની ફરિયાદ દાખલ કરાવવા મહત્વનો ભાગ ભજવ્યો હતો. અનિરુદ્ધ અને રાજદીપે આ કાવતરા પાછળ પૈસા વાપર્યા હતા. મૃતક પાસેથી સુસાઈડ નોટ તરીકે ૦૪ ચિઠ્ઠી મળી હતી.

# મંગલ નવકાર મહેક ફાઉન્ડેશન દ્વારા નિ:શુલ્ક આરોગ્ય કેમ્પ: ૭૦૦થી વધુ દર્દીને વિનામૂલ્યે તપાસ અને દવાઓની સુવિધા

અમદાવાદના જોધપુર સેટેલાઈટ વિસ્તારમાં મંગલ નવકાર મહેક ફાઉન્ડેશન ટ્રસ્ટ અને અન્ય સંસ્થાઓના સંયુક્ત ઉપક્રમે નિ:શુલ્ક સર્વરોગ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું. મહાવીર ગોપાલ મહેક સેવા સંકુલ ખાતે યોજાયેલા આ કેમ્પમાં વિવિધ રોગોની તપાસ અને સારવાર કરવામાં આવી.કેમ્પનો પ્રારંભ સવારે ૯ વાગ્યે ગાયત્રી મંત્રોચ્ચાર સાથે કરવામાં આવ્યો. કેમ્પમાં આંખ, દાંત, આયુર્વેદિક અને હોમિયોપેથિક તપાસ ઉપરાંત એક્યુપ્રેશર થેરાપી અને થાઈરોઈડ ટેસ્ટની સુવિધા પૂરી પાડવામાં




આવી. જીસીએસ હોસ્પિટલના નિષ્ણાતો દ્વારા ફિઝિશિયન, ઓર્થોપેડિક અને બાળરોગની તપાસ કરવામાં આવી.વેજલપુરના ધારાસભ્ય અમિતભાઈ ઠાકરે કેમ્પનું ઉદ્ઘાટન કર્યું. આ પ્રસંગે રિક્રિએશન કમિટીના ચેરમેન જયેશભાઈ ત્રિવેદી અને વોટર સપ્લાય કમિટીના ચેરમેન દિલીપભાઈ બગડીયા સહિત સ્થાનિક કોર્પોરેટરો ઉપસ્થિત રહ્યા. અમદાવાદના પૂર્વ મેયર મીનાક્ષીબેન પટેલે કાર્યક્રમનું નેતૃત્વ કર્યું.કેમ્પમાં દર્દીઓને ચશ્મા રાહત દરે આપવામાં આવ્યા અને તમામ દવાઓ, તપાસ તથા સારવાર વિનામૂલ્યે પૂરી પાડવામાં આવી. થાઈરોઈડ, બીપી અને ડાયાબિટીસના ટેસ્ટ પણ નિ:શુલ્ક કરવામાં આવ્યા. આ કેમ્પનો ૭૦૦થી વધુ દર્દીઓએ લાભ લીધો.

# બંધક કરાર પર અમેરિકી પ્રમુખ ટ્રમ્પનું હમાસને અલ્ટીમેટમ

**વોશિંગટન,**

**અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે હમાસને "છેલ્લી ચેતવણી" આપી હતી, જેમાં ગાઝામાં બંધકોને મુક્ત કરવા માટે પેલેસ્ટિનિયન આતંકવાદી જૂથને કરાર કરવા માટે સંમત થવાની માંગ કરી હતી. રવિવારે તેમના ટૂથ સોશિયલ પ્લેટફોર્મ પર એક પોસ્ટમાં, ટ્રમ્પે કહ્યું હતું કે ઈઝરાયલે તેમની શરતો પહેલાથી જ સ્વીકારી લીધી છે, અને હમાસને પણ તેનું પાલન કરવા વિનંતી કરી છે. "ઈઝરાયલીઓએ મારી શરતો સ્વીકારી લીધી છે. હમાસે પણ સ્વીકારવાનો સમય આવી ગયો છે," ટ્રમ્પે લખ્યું. તેમણે આગળ કહ્યું, "મેં હમાસને ન સ્વીકારવાના પરિણામો વિશે ચેતવણી આપી છે. આ મારી છેલ્લી ચેતવણી છે, બીજી કોઈ ચેતવણી નહીં હોય." ટ્રમ્પની ચેતવણી ઈઝરાયલ અને પેલેસ્ટિનિયન આતંકવાદી જૂથો વચ્ચે વધતા તણાવ વચ્ચે આવી છે, કારણ કે ઓક્ટોબર ૨૦૨૩ ની શરૂઆતમાં હમાસના ક્રૂર હુમલાઓ પછી ઈઝરાયલ ગાઝામાં તેના લશ્કરી કાર્યવાહી ચાલુ રાખે છે.**

**રવિવારે, ઈઝરાયલી સૈન્યએ અહેવાલ આપ્યો હતો કે ગાઝા પટ્ટીથી ઈઝરાયલી પ્રદેશમાં બે રોકેટ છોડવામાં આવ્યા હતા. આ પ્રોજેક્ટાઈલ્સ ગાઝાથી લગભગ ૧૦ કિલોમીટર (૬ માઈલ) દૂર નેટીવોટ શહેર નજીક વાગ્યા હતા. ઈઝરાયલી સંરક્ષણ દળો (ઢ્હ્લ) એ પુષ્ટિ કરી હતી કે રોકેટોએ હવાઈ હુમલાના સાયરન વાગ્યા હતા, પરંતુ સદનસીબે, કોઈ ઈજાઓ કે નુકસાનના અહેવાલ નથી.**

**"મધ્ય ગાઝા પટ્ટીથી ઈઝરાયલી ક્ષેત્રમાં બે પ્રોજેક્ટાઈલ પસાર થતા હોવાનું ઓળખાયું હતું," ઢ્હ્લ એ જણાવ્યું હતું, અને ઉમેર્યું હતું કે એક રોકેટ ઈઝરાયલની મિસાઈલ સંરક્ષણ પ્રણાલી દ્વારા અટકાવવામાં આવ્યો હતો, જ્યારે બીજો ખુલ્લા વિસ્તારમાં પડ્યો હતો. ઈસ્લામિક જેહાદ, એક પેલેસ્ટિનિયન આતંકવાદી જૂથ જે ઘણીવાર હમાસ સાથે કામ કરે છે, તેણે રોકેટ લોન્ચની જવાબદારી સ્વીકારી હતી.**

**જૂથે જણાવ્યું હતું કે તેણે "આપણા લોકો સામે ઝિઓનિસ્ટ દુશ્મન દ્વારા કરવામાં આવેલા ગુનાઓના જવાબમાં" નેટીવોટને નિશાન બનાવ્યું હતું. આ ઘણા મહિનાઓમાં પહેલી વાર બન્યું છે કે આવા રોકેટ ફાયરિંગથી લગભગ ૫૦,૦૦૦ રહેવાસીઓના શહેર નેટીવોટને ધમકી મળી હોય. રોકેટ હુમલાઓ ગાઝા પટ્ટીના સૌથી મોટા શહેરી કેન્દ્ર, ગાઝા શહેરની આસપાસ ઈઝરાયલી લશ્કરી કાર્યવાહીમાં વધારા સાથે સુસંગત હતા.**

# રૂપેણ નદી બે કાંઠે વહેતા સ્થાનિકો અને ખેડૂતોમાં આનંદનો માહોલ:નદીમાં પાણીની સતત આવક, પીવાના પાણી અને સિંચાઈની સમસ્યા હળવી થવાની આશા

છેલ્લા ત્રણ દિવસથી સમગ્ર ઉત્તર ગુજરાતમાં વરસી રહેલા અવિરત ભારે વરસાદને પગલે બહુચરાજી તાલુકાની જીવાદોરી સમાન ગણાતી રૂપેણ નદીમાં નવા નીરની ભારે આવક થઈ છે. લાંબા સમય બાદ નદી તેના બંને કાંઠે વહેતી થતાં સ્થાનિક લોકો અને ખેડૂતોમાં હર્ષોલ્લાસનો માહોલ છવાયો છે.બહુચરાજી પંથકમાં છેલ્લા ૭૨ કલાકથી સતત વરસાદી માહોલ જામ્યો છે, જેના કારણે સ્થાનિક જળાશયો અને નદી-નાળાઓ છલકાઈ ગયા છે. આ વરસાદને કારણે રૂપેણ નદીમાં પાણીની સતત આવક ચાલુ રહેતા નદીએ તેનું રૌદ્ર અને રમણીય સ્વરૂપ ધારણ કર્યું છે.



આમ, લાંબા સમય બાદ રૂપેણ નદીને બે કાંઠે વહેતી જોઈને સમગ્ર પંથકમાં ખુશીની લહેર વ્યાપી ગઈ છે અને આગામી સમયમાં ખેતી તથા પશુપાલન માટે સારા દિવસોની આશા બંધાઈ છે.અત્રે ઉલ્લેખનીય છે કે રૂપેણ નદીનું ભૌગોલિક મહત્વ અનેરું છે. આ નદી મહેસાણા જિલ્લામાં આવેલી તારંગાની ટેકરીઓમાંથી નીકળે છે અને બનાસકાંઠા, પાટણ જિલ્લામાંથી પસાર થઈને પશ્ચિમ દિશામાં આવેલા કચ્છના નાના રણમાં સમાઈ જાય છે. અન્ય નદીઓની જેમ તે સમુદ્રને મળતી નથી, આથી જ તેને 'કુંવારી નદી' અથવા 'અંતઃસ્થ નદી' તરીકે પણ ઓળખવામાં આવે છે. લગભગ ૧૩૫ કિલોમીટરની લંબાઈ ધરાવતી આ નદી તેના માર્ગમાં આવતા અનેક ગામો માટે પીવાના પાણી અને સિંચાઈનો મુખ્ય સ્ત્રોત છે.

# બાવનના નેળિયામાં ૧૨ સોસાયટીઓને જોડતો રસ્તા ૪૮ કલાક પછીયે પાણીમાં



મહેસાણાના રાધનપુર રોડ પર બાવનના નેળિયામાં શ્લોક બંગ્લોઝ સહિત ૧૨ સોસાયટી તરફના પૂર્વના રસ્તાના વળાંકમાં વરસાદી પાણીનો નિકાલ ન થતાં રહીશોને પારાવાર મુશ્કેલી સર્જાઇ રહી છે. અહીં રોડ સેક્શન ક્રોસિંગ લાઇન નાખીવરસાદી પાણી નિકાલની વ્યવસ્થા કરવા મહાનગરપાલિકામાં રજૂઆત પછી પણ સમસ્યાનો ઉકેલ નહી આવતાં આક્રોશ ભભૂકી ઉઠ્યો છે.

બાવનના નેળિયામાં મનપાએ વરસાદી પાણી નિકાલની લાઇન નાખી હોઇ તે સાઇડના રસ્તામાં માટી મેટલ પુરાણ કરાયું છે. બાકીના રસ્તા સાઇડ રહીશોની અવરજવર માટે સાંકડી રહી છે. એમાંયેસૌંદર્યગ્રીન નજીકથી પૂર્વ તરફના રસ્તામાં ફોર્ચ્યુન હોમ્સ, મધુરમ ગ્રીન્સ, અવ્ય બંગ્લોઝ, શિલ્પરેસીડેન્સી, શ્લોક બંગ્લોઝ, સાર્થક પેલેસ, તિરૂપતિ પ્રાઇડ સહિત ૧૨ સોસાયટીઓ આવેલી છે. આ સોસાયટીઓ તરફનારસ્તાના વળાંકમાં ખાડામાં વરસાદી પાણી ભરાયેલ રહેતાંટુ વ્હીલર ચાલકોનેપડી જવાનો ભય રહે છે.

# કલોલમાં નિરાધાર વૃદ્ધાને પોલીસે આપી છત:હનુમાન મંદિરમાં રહેતા ભગીબેનને પોલીસે બનાવી આપ્યું રૂમ-રસોડાનું મકાન





કલોલ તાલુકા પોલીસે માનવતાની મિસાલ પેશ કરી છે. કલોલ તાલુકા પોલીસ સ્ટેશન પાછળ આવેલા હનુમાનજી મંદિરમાં સેવાપૂજા કરતા નિરાધાર વૃદ્ધા ભગીબેનને રહેવા માટે નવું ઘર મળ્યું છે.ભગીબેન કુટુંબ વિહોણા હોવાથી એકલવાયું જીવન જીવી રહ્યા હતા. તેમની પાસે રહેવા માટે કોઈ સુવિધા ન હતી. આથી તેઓ મંદિર પટાંગણમાં જ વિશ્રામ કરતા હતા.વૃદ્ધાની આ પરિસ્થિતિ જાણીને કલોલ તાલુકા પોલીસની ટીમ તરત જ કાર્યરત થઈ. પોલીસે ભગીબેન માટે એક રૂમ અને રસોડા સાથેનું મકાન તૈયાર કરાવ્યું છે. હવે તેમને રહેવા માટે યોગ્ય સુવિધા મળી છે.પોલીસની આ કામગીરીથી ભગીબેનના જીવનમાં નવી આશા જાગી છે. સમાજ માટે પણ આ કાર્ય પ્રેરણારૂપ બન્યું છે. પોલીસે માનવતાનો અનોખો દાખલો પૂરો પાડ્યો છે.

# ધાનેરાના સરાલ ગામે વિજ પૂરવઠોના મળતા ખેડુતોના વિજ કચેરીમાં ધામા



સરાલ ગામે ચિરાગ ફિડરમાં છેલ્લા કેટલાક દિવસથી વિજ પુરવઠો પુરતા પ્રમાણમાં ના મળતા ખેડુતો થાકીને અંતે વિજ કચેરી ખાતે ૧૦૦ કરતા વધારે ખેડુતોએ ધામા નાખ્યા હતા અને લેખીતમાં રજુઆતો કરતા વિજપુરવઠો શરૂ કરવાની અધિકારીઓએ ખાત્રી પણ આપી હતી. ખેડુતોએ જણાવેલ કે વિજપુરવઠો ન હોવાથી પીવાના પાણી માટે પણ તકલીફો પડી રહી છે. તેમજ હાલ બધુજ વિજળી ઉપર સંચાલિત હોવાથી ખેડુતો મુસ્કેલીમાં મુકાયા માટે આજે કંટાળીને ના છુટકે કચેરી ખાતે આવવુ પડેલ છે.

### ગાંધીધામમાં યોજાયેલા સેમિનારમાં જાણીતા ડો. સ્વપ્રિલ શાહ ચોકાવનારી વાતો શેર કરી

# હાર્ટ એટેકના ૧૦૦માંથી ૮૦ ટકા દર્દીઓને બાયપાસ કે સ્ટેન્ટની જરૂર હોતી જ નથી : ડો. સ્વપ્રિલ શાહ



ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સના હોલમાં મોટી સંખ્યામાં લોકો સેમિનારમાં જોડાયા અને હાર્ટ એટેક અને તેના દરથી દૂર રહેવાના વિગતો મેળવી

દિલની વાતો સેમિનારમાં લેખક અને મોટીવેશનલ સ્પીકર જય વસાવડાએ લોકોને હળવાફૂલ બનીને કેમ જીવવું તે અંગે વાર્તાલાપ કર્યો

ગાંધીધામ, તા. ૯

સમગ્ર રાજય તેમજ દેશમાં હાર્ટ એટેકના બનાવોમાં ચિંતાજનક વધારો નોંધાયો છે, ત્યારે બાયપાસ અને સ્ટેન્ટ જેવી જટિલ સર્જરી અંગે પણ ખોટી માન્યતાઓ ફેલાયેલી છે જે અંગે લોકોએ જાગૃત થવું જરૂરી છે. હકીકતમાં હાર્ટના ૧૦૦માંથી ૮૦ ટકા દર્દીઓને બાયપાસ કે સ્ટેન્ટની જરૂર હોતી જ નથી તેમ ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સમાં યોજાયેલા સેમિનારમાં ગુજરાતના જાણીતા ડૉ. સ્વપ્રિલ શાહે જણાવ્યું હતું.

ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સના હોલમાં યોજાયેલા દિલની વાતો સેમીનારમાં હાર્ટ એટેક અહીં પણ હાર્ટ એટેકના ડરથી બચવા અંગે વાતો કરતા ડૉ. સ્વપ્રિલ શાહે જણાવ્યું હતું કે, અત્યારના ખાવા પીવામાં મોટા ફેરફાર તેમજ ટેન્શનવાળી અને ભાગદોડવાળી જિંદગીમાં હાર્ટ એટેકના બનાવો ખૂબ ઝડપી રીતે વધી રહ્યા છે. યુવાનોમાં આવતા એટેક સૌથી વધુ ટેન્શન જવાબદાર છે. હાર્ટ એટેકથી પણ વધુ હાર્ટ એટેકના ડરથી લોકોને વધુ નુકશાન થઈ રહ્યું છે. આ ડરના દીધે અનેક લોકો બિનજરૂરી રિપોર્ટ કરાવીને પૈસાનું તો પાણી કરે છે સાથે સાથે શરીરને પણ નુકશાન પહોંચાડે છે, કારણ કે હાર્ટ એટેક લઈને વારંવાર કરવામાં આવતા રિપોર્ટથી શરીરમાં ખરાબ અસર પડે છે. એક રીપોર્ટ અનુસાર હાર્ટના ૧૦૦માંથી ૮૦ ટકા લોકોને બાયપાસ કે સ્ટેન્ટ મૂકવાની જરૂર હોતી નથી, એટલું જ નહીં બાયપાસ સર્જરી કોઈ દિવસ ઈમરજન્સી કેસમાં પણ કરવામાં આવતી નથી. હાર્ટ એટેકની સર્જરીને લઈને ફેલાઈ રહેલી ખોટી માન્યતાઓથી લોકોએ માહિતગાર થવું જરૂરી છે. ડૉ. શાહે વધુમાં જણાવેલ કે, જ્યારે હાર્ટની ત્રણ નળીઓ બ્લોક થાય ત્યારે કુદરતી રીતે બીજી સેંકડો નાની નાની નળીઓ એક પછી એક ખુલી જતી હોય છે.

જાણીતા લેખક અને મોટીવેશનલ સ્પીકર જય વસાવડાએ લોકોને ટેન્શન મુક્ત બનીને હળવા ફૂલ રીતે કઈ રીતે જીવવું તે અંગે વિવિધ ચર્ચાઓ કરી હતી. ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ તેમજ પૂજા નારી શક્તિ ફાઉન્ડેશન દ્વારા આયોજીત આ સેમિનારમાં મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા અને સેમીનારના લાભ લીધો હતો. આ સેમિનારમાં ઉપસ્થિત ગાંધીધામ વિધાનસભાના ધારાસભ્ય માલતીબેન મહેશ્વરી અને ગાંધીધામ ચેમ્બરના પ્રમુખ મહેશભાઈ પૂંજે પ્રાસંગીત પ્રવચન આપ્યું હતું. વરસતા વરસાદ વચ્ચે પણ મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા. ડૉ. સ્વપ્રિલ શાહ અને જય વસાવડાએ ઉપસ્થિત લોકોના પ્રશ્નોના જવાબ આપ્યા હતા. આ સેમિનારમાં ગાંધીધામ ચેમ્બરના પ્રમુખ મહેશભાઈ પૂંજે ડૉ. સ્વપ્રિલ શાહ અને જય વસાવડાનું સ્વાગત કર્યું હતું. અને બંને મહેમાનોને કચ્છી પાઘડી પહેરાવીને પરંપરાગત રીતે સન્માન કર્યું હતું. જ્યારે પૂજા નારી શક્તિ ફાઉન્ડેશનના ફાઉન્ડર ટ્રસ્ટી પૂજાબેન પરીયાનીનો મોમેન્ટો આપીને સન્માનિત કર્યા હતા.આ પોગ્રામને સફળ બનાવવાં માટે ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સના નરેન્દ્ર રામાણી, અમરીશ મોદી, પંકજ મોરબીયા જ્યારે વુમન વિંગના રાખી નાહટા, મમતા આહુજા, ડૉ. સુરભી આહિર, વૈભવી ગોર આ ઉપરાંત પૂજા નારી શક્તિ ફાઉન્ડેશનની મહિલા ટીમે જહેમત ઉઠાવી હતી.



ભારતના યશસ્વી પ્રધાનમંત્રી માનનીય શ્રી નરેન્દ્ર ભાઈ મોદીના ૧૭મી સપ્ટેમ્બર,જન્મદિન નિમિત્તે શ્રીગોપાલ સંસ્કાર મહેક ટ્રસ્ટ,મંગલ નવકાર મહેક ફાઉન્ડેશન ટ્રસ્ટ,લાયન્સ ક્લબસ્ ઓફ અમદાવાદ બ્રિલિયન્સ -સ્ટાર પ્લસ-આશાપલ્લી હોપ્સ -ફોર્ટ-નોબલ તથા ગાયત્રી પરિવાર નારણપુરાના સંયુક્ત ઉપક્રમે"ફ્રી સર્વરોગ નિદાન કેમ્પ તપાસ -સારવાર તથા દવાઓ"નું આયોજન તારીખઃ૦૮/૦૯/૨૫, સોમવાર ટાઈમઃ-સવારે ૯ઃ૦૦ વાગે પવિત્ર ગાયત્રી મંત્રોચ્ચાર દ્વારા દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યુ હતું કેમ્પ ટાઈમ સવારે૯.૩૦ થી બપોરના ૧.૦૦ સુધી સ્થળઃ- મહાવીર ગોપાલ મહેક સેવા સંકુલ,એચ.બી. કાપડિયા સ્કૂલ ની સામે,જોધપુર સેટેલાઈટ ખાતે કરવામાં આવ્યું હતું.જેમાં આંખોની તપાસ,દાંતની તપાસ, આયુર્વેદિક અને હોમિયોપેથીક તપાસ અને દવાઓ,એક્યુપ્રેશર થેરાપી,ફ્રી થાઈરોડ ટેસ્ટ,તથા જીસીએસ હોસ્પિટલ દ્વારા ફિઝિશિયન મેડિસિન,હાડકા અને સાંધા ને લગતા ઓર્થોપેડિક, બાળકોને લગતા રોગો પીડીયાટ્રીક,"ફ્રી સર્વરોગ નિદાન કેમ્પ"ના ઉદ્ઘાટક માનનીય શ્રી અમિતભાઈ ઠાકર ધારાસભ્યશ્રી વેજલપુર,રીક્રીએશન કમિટી ચેરમેન માનનીય શ્રીજયેશભાઈ ત્રિવેદી વોટર સપ્લાય કમિટી ચેરમેન,માનનીય શ્રી દિલીપભાઈ બગડીયા સ્થાનિક મુનિસીપલ કાઉન્સિલર શ્રીઓ હાજર રહ્યા હતા.સમગ્ર કાર્યક્રમનું નેતૃત્વ માનનીય શ્રીમીનાક્ષીબેન પટેલ પૂર્વ મેયર અમદાવાદ મહાનગર, સમગ્ર કાર્યક્રમના કોર્ડીનેટર લાયન ગિરીશ પટેલ ડિસ્ટ્રિક્ટ ચેરપર્સન એન્વાયરમેન્ટ અને ઈવેન્ટ હાજર રહ્યા હતા.

# સુરતના રહેણાંક વિસ્તારમાં ગેરકાયદે બાંધકામ મુદ્દે કોંગ્રેસે મુખ્યમંત્રીને કરી ફરિયાદ

સુરત પાલિકાના રહેણાંક વિસ્તારમાં થતા ગેરકાયદે બાંધકામ અંગે સુરત પાલિકા અને અન્ય જગ્યાએ અનેક ફરિયાદ કર્યા બાદ હવે મુખ્યમંત્રી સુધી ફરિયાદ કરવામાં આવી છે. સુરત શહેરના રહેણાંક વિસ્તારમાં બે રોક ટોક થતા ઈન્ડસ્ટ્રીયલ બાંધકામ મુદ્દે કોંગ્રેસના ધારાસભ્યએ મુખ્યમંત્રીને પત્ર લખ્યો છે. કોટેઝ ઈન્ડસ્ટ્રીઝ ના નામે ગેરકાયદે ઈન્ડસ્ટ્રીયલ બાંધકામ થાય છે અને પાલિકાને પેઈડ એફ.એસ.આઈ.ની ખોટ જતી હોવાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. સુરત પાલિકા વિસ્તારમાં ગેરકાયદે બાંધકામ કરનારા, પાલિકાના કર્મચારી, અધિકારી અને રાજકારણીઓની મીલી ભગત થઈ રહ્યું છે. છેલ્લા કેટલાક વખતથી આ ફરિયાદ થઈ રહી છે અને કેટલાક ફરિયાદના નામે તોડ પણ કરી રહ્યાંનો આક્ષેપ કરવામાં આવી રહ્યા હોવાની પણ ફરિયાદ થઈ રહી છે. જોકે, રહેણાંક વિસ્તારમાં ગેરકાયદે બાંધકામ મુદ્દે ભારે હોબાળો થઈ રહ્યો છે. દરમિયાન આજે કોંગ્રેસના ધારાસભ્ય તુષાર ચૌધરીએ મુખ્યમંત્રીને ફરિયાદ કરી છે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.